# ડીસીએમ શ્રીરામની પેટાકંપની એવી ફેનેસ્ટા ભિવાડીમાં ૨૫ કરોડના ખર્ચે પ્લાન્ટ સ્થાપશે

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૩૧

ડીસીએમ શ્રીરામની પેટાકંપની ફેનેસ્ટા તેના બારી અને દરવાજાના બજારમાં હિસ્સો વધારવા ભિવાડી, રાજસ્થાનમાં ફેક્ટરીની સ્થાપના કરવા આશરે રૂપિયા ૨૫ કરોડનું રોકાણ કરશે. ડીસીએમ શ્રીરામની બિયારણ, ખાતરો, રસાયણો અને ખાંડના વ્યવસાયને વૈવિધ્યસભર કરીને ૨૦૦૨માં ફેનેસ્ટા બિલ્ડિંગ સિસ્ટમ્સ મારફતે બારી અને દરવાજાના વ્યવસાયમાં પ્રવેશ કર્યો હતો અને હવે કંપની તેના એલ્યુમિનિયમના પોર્ટફોલિયોમાં વધારો કરી રહી છે. ડીસીએમ શ્રીરામના કુલ ટર્નઓવરમાં ફેનેસ્ટા રૂપિયા ૪૨૦ કરોડનો ફાળો આપ્યો હતો, જે ગત નાણાંકીય વર્ષ દરમિયાન રૂપિયા ૭,૮૦૦ કરોડ હતો. અમે એલ્યુમિનિયમની બારી અને દરવાજા માટે નવી સુવિધા બનાવી રહ્યા છીએ. હાલ યુપીવીસી દરવાજા અને બારીની ઉત્પાદન સુવિધા ભિવાડી ખાતે સ્થાપના કરશે, તેમ ફેનેસ્ટાના બિઝનેસ હેડ સંકેત જૈને પીટીઆઈને જણાવ્યું હતું. કંપનીએ નવા પ્લાન્ટ માટે આશરે રૂપિયા ૨૫ કરોડનું રોકાણ કર્યું છે અને આગામી એક વર્ષમાં રૂપિયા ૧૦ કરોડ ઠાલવવામાં આવશે, તેમ તેમણે જણાવ્યું હતું. ભારતમાં બારી અને દરવાજાનું વાર્ષિક બજાર આશરે રૂપિયા ૧૫,૦૦૦ કરોડ આંકવામાં આવે છે. જેમાંથી ૬૫ ટકા હિસ્સો એલ્યુમિનિયમ, ૨૨થી ૨૩ ટકા હિસ્સો લાકડાનો અને ૧૨થી ૧૩ ટકા હિસ્સો યુપીવીસીનો છે. એલ્યુમિનિયમ સેગ્મેન્ટમાં પ્રવેશવાની સાથે અમે બજારમાં પોતાનો હિસ્સો વધારવા માગીએ છીએ, તેમ જૈને જણાવ્યું હતું. ફેનેસ્ટા પાસે યુપીવીસી બારી અને દરવાજાની ભિવાડી (રાજસ્થાન), હૈદરાબાદ અને ચેન્નાઈ ખાતે ત્રણ ફેબ્રિકેશન સુવિધાઓ છે.

નવ કંપનીઓ શો રૂમની માલિકી ધરાવે છે અને તેમણે ૨૦૦ વધુ શોરૂમ સાથે જોડાણ કર્યું હતું. ફેનેસ્ટા ભારત, નેપાળ તેમજ ભુટાનના ૩૨૭ શહેરોમાં બારી અને દરવાજાનું વેચાણ કરે છે.